
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૬૫ | ૧૫ મે, ૨૦૧૮, મંગળવાર ; વૈશાખ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# દેશભરમાં આંધીનો કાળો કેર

## વીજળી પડવાથી અને તોફાની પવનથી મોતનો આંકડો ૭૧એ પહોંચ્યો : સૌથી વધુ મોત યૂપીમાં



ન્યુ દિલ્હી,તા.૧૪

આંધીના કાળા કેરના કારણે ભારત આખુ તેના બાનમાં આવી ચૂક્યુ છે. દેશના મોટાભાગના રાજ્યોમાં આંધીએ કાળો કેર વર્તાતા ઘાયલો અને મૃતકોની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. જ્યાં ઉત્તર પશ્ચિમી મેદાની વિસ્તારોમાં હવામાનમાં પરિવર્તન આવી ચૂક્યુ છે. પરંતુ મંગળવારે પણ હવામાન બદલાઈ શકે તેવી અનિશ્ચિતતા સેવવામાં આવી રહી છે. ભારતના રાજ્યો જે હવામાનની ઝપટમાં આવી ચૂક્યા છે તેના પર નજર કરવામાં આવે તો ઉત્તરભારતથી લઈને દક્ષિણ ભારત સુધી રવિવારે ભારે આંધી અને વરસાદે કેર મચાવ્યો અને તેમા મોતનો આંકડો ૭૦ સુધી પહોંચી ગયો છે. જેમાં સૌથી વધુ મોત ઉત્તર પ્રદેશમાં થયા છે. દિલ્હી-એનસીઆરમાં ગત સાંજે ૧૦૯ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ધૂળની ડમરી સાથે પવન ફૂંકાયો હતો અને વરસાદ પણ વરસ્યો હતો. ભારે પવન અને વરસાદના કરાણે રેલવે સેવા, મેટ્રો સેવા, વિમાની સેવાને વ્યાપક અસર થઈ. માત્ર રાજધાની

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### રીલાયન્સ નેવલ દેવાદાર જાહેર

અનિલ અંબાણી ગ્રુપની રીલાયન્સ નેવલને વિજયા બેન્કે દેવાદાર જાહેર કરી છે. આ ઘોષણા થતાં જ તેના શેરમાં ૧૬.૪૧ ટકાનો કડાકો બોલી ગયો હતો.

### કેજરીવાલે ધરણાં કર્યાં

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સીસીટીવીના ટેન્ડર રોકવાના મામલે ઉપરાજ્યપાલના નિવાસસ્થાનની બહાર ધરણાં પર બેસી ગયા હતા. તેમની સાથે મંત્રી અને ધારાસભ્યો પણ ધરણામાં જોડાયા હતા.

### ઈન્ડોનેશિયામાં ફરી બ્લાસ્ટ

ઈન્ડોનેશિયામાં ચર્ચ પર થયેલા હુમલા બાદ રવિવારે રાત્રે ફરી જાવા પોલીસ સ્ટેશન પાસે બ્લાસ્ટ થયો હતો જેમાં ત્રણના મૃત્યુ નીપજ્યા છે.

### સુપ્રસિદ્ધ સાહિત્યકાર બાલકવિ બૈરાગીનું નિધન

પ્રસિદ્ધ સાહિત્યકાર અને કવિ બાલકવિ બૈરાગીનું ૮૭ વર્ષની વયે મધ્યપ્રદેશના મનાસા સ્થિત પોતાના નિવાસસ્થાને અવસાન થયું હતું. તેઓ રાજ્યસભા અને નિમચ-મંદસૌરથી લોકસભાના સાંસદ પણ રહી ચૂકયા હતા. મધ્યપ્રદેશ સરકારે તેમને કવિ પ્રદીપ સન્માનથી નવાજ્યા હતા.

### હેમા માલિનીનો આબાદ બચાવ

ઉત્તર પ્રદેશના મથુરા લોકસભા ક્ષેત્રથી ભાજપના સાંસદ હેમા માલિનો રવિવારે રાત્રે આબાદ બચાવ થયો જ્યારે તેઓ આંધી-તોફનના કારણે એક ઝાડ તેમના કાફલાની આગળ પડ્યું.

# પીએનબી કાંડ મામલે નિરવ સામે પ્રથમ ચાર્જશીટ દાખલ

## સીબીઆઇ દ્વારા ખાસ અદાલતમાં ચાર્જશીટ દાખલ : સીએમડી પાસે સત્તા આંચકી લેવા બોર્ડ ઓફ અલ્હાબાદ બેંક દ્વારા આદેશ કરાયો



નવીદિલ્હી, તા. ૧૪

કરોડો રૂપિયાના પંજાબ નેશનલ બેંક કૌભાંડના મામલામાં ઉંડી તપાસનો દોર જારી રહ્યો છે. બોર્ડ ઓફ અલ્હાબાદ બેંકે હવે બેંકના સીએમડી પાસેથી સત્તાઓ લઈ લેવા માટે સૂચના આપી છે. ફાઈનાન્સિયલ સર્વિસ સેક્રેટરી દ્વારા આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. બેંક કૌભાંડના સંદર્ભમાં માહિતી આપતા તેમણે કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૫થી ૨૦૧૭ના ગાળા દરમિયાન બેંકના સીઈઓ અને એમડી તરીકે ઉષા અનંતર સુબ્રમણ્યમ રહ્યા હતા. ૨૦૧૫થી લઈને ૨૦૧૭ના ગાળા દરમિયાન તેઓ એમડી હતા તે વેળા જ આ વિવાદ સપાટી ઉપર આવ્યો હતો. આ કેસના સંદર્ભમાં સીબીઆઈ દ્વારા હાલમાં જ પુછપરછ પણ કરવામાં આવી હતી. અલ્હાબાદ બેંક દ્વારા બોર્ડ બેઠક બોલાવવામાં આવી રહી છે ત્યારબાદ ચીફ મેનેજિંગ ડિરેક્ટરની સત્તાને લઈને નિર્ણય લેવામાં આવશે. હાલમાં આરોપી રહેલા લોકો પાસેથી સત્તાઓ આંચકી લેવા માટે કહેવામાં આવ્યું છે. ઉષા ઉપરાંત સરકારે પીએનબીના બે ઈડી ઓફિસરો અને ત્રણ બોર્ડ લેવલના અધિકારીઓને દૂર કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

# આજે કર્ણાટકમાં મતગણતરી

## કર્ણાટકમાં કોની સરકાર બનશે તે અંગે આજે ફેંસલો : તમામ રાજકીય પંડિતોની નજર વિધાનસભા પરિણામ પર કેન્દ્રિત : ઉંચા મતદાન બાદથી ભાજપ અને કોંગ્રેસ દ્વારા જીતના દાવા કરવામાં આવ્યા પોલ કેટલા સાચા છે તે જાણી શકાશે : હજારો ઉમેદવારોના ભાવિનો ફેંસલા



બેંગ્લોર, તા. ૧૪

જેની રાજકીય વર્તુળો અને કારોબારીઓમાં ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે કર્ણાટક વિધાનસભાની ચૂંટણીના પરિણામ આવતીકાલે જાહેર કરવામાં આવનાર છે. આવતીકાલે મતગણતરી થયા બાદ બપોર સુધીમાં તો કર્ણાટકમાં કોની સરકાર બનશે તે બાબત સ્પષ્ટ થઈ જશે. કર્ણાટકમાં કોંગ્રેસ તેના કિલ્લાને જાળવી રાખવામાં સફળ થાય છે કે પછી ભાજપ અહીં પણ પોતાની જીત મેળવે છે તે બાબત ઉપયોગી રહેનાર છે. કર્ણાટક ચૂંટણીના પરિણામ પર દેશના કરોડો લોકોની પણ નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ૧૨મી મેના દિવસે ઉંચુ મતદાન ૭૦ ટકાની આસપાસ રહ્યા બાદ ભાજપ અને કોંગ્રેસ બન્ને દ્વારા જીત માટેના દાવા કરવામાં આવી રહ્યા છે. બીજી બાજુ મોટા ભાગના એક્ઝિટ પોલમાં ત્રિશકુ વિધાનસભાની વીત કરવામાં આવી રહી છે જેથી ભાજપ અને કોંગ્રેસ તેમજ જેડીએસ દ્વારા પોત પોતાની રીતે પણ નવા સમીકરણ બેસાડી દેવાના પ્રયાસ શરૂ કરવામાં આવ્યા છે. કર્ણાટકમાં ભાજપના મુખ્યપ્રધાન પદના દાવેદાર બીએસ યેદીયુરપ્પાએ કહ્યુ છે કે ભાજપ ૧૨૫થી ૧૩૦ સીટો જીતી જશે જ્યારે કોંગ્રેસ પાર્ટી ૭૦ના આંકડાને પણ પાર કરી શકશે નહીં. જનતાદળ એસ ૨૪થી ૨૫

● અનુસંધાન પાન-૭ પર

# અરૂણ જેટલી ઉપર કિડની ટ્રાન્સપ્લાન્ટ સર્જરી સફળ

નવીદિલ્હી, તા. ૧૪

કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલી ઉપર આજે એમ્સમાં કિડની ટ્રાન્સપ્લાન્ટની સફળ સર્જરી કરવામાં આવી હતી. હોસ્પિટલે નિવેદન જારી કરીને કહ્યું છે કે, હવે તેમની સ્થિતિ સુધારા પર છે. એમ્સના મિડિયા એન્ડ પ્રોટોકોલ ડિવિઝનના અધ્યક્ષ અને ડોક્ટર આરતી વિજે માહિતી આપતા કહ્યું છે કે, કિડની ટ્રાન્સપ્લાન્ટ સર્જરી સફળ રહી છે. કિડની દાન કરનાર અને કિડની મેળવનાર બંનેની સ્થિતિ સુધારા ઉપર છે. જેટલીને શનિવારના દિવસે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આજે સવારે ૮ વાગે ઓપરેશન શરૂ થયું હતું. કિડની સાથે સંબંધિત સમસ્યાથી પરેશાન અરુણ જેટલી છેલ્લા એક મહિનાથી ડાયાલીસીસ પર ચાલી રહ્યા હતા. જેટલી પરિવારના મિત્ર અને એમ્સના ડિરેક્ટર રણદીપ ગુલેરિયાના ભાઈ નેફ્રોલોજિસ્ટ ડોક્ટર સંદીપ ગુલેરિયા પણ ટ્રાન્સપ્લાન્ટ કરનાર તબીબ ટીમમાં સામેલ રહ્યા હતા.

# મુંબઈમાં ચોમાસુ સમયસર બેસશે

મુંબઈ,તા.૧૪

ઉનાળાની ધખધખતી ગરમીથી કંટાળી ગયેલા મુંબઈગરા માટે રાહતના સમાચાર છે. મુંબઈગરા જેની આતુરતાથી રાહ જોતા હોય છે તે ચોમાસું આ વર્ષે મુંબઈમાં સમયસર આવી પહોંચવાનું છે. કારણકે આ વર્ષે મેના છેલ્લા અઠવાડિયામાં કેરળમાં ચોમાસાનું આગમન થવાનું છે અને ત્યારબાદ દસેક દિવસમાં જ તે મુંબઈમાં દાખલ થઈ જશે એવો અંદાજ હવામાન ખાતાએ વ્યક્ત કર્યો છે.

મહારાષ્ટ્ર સહિત ઉત્તર ભારતમાં ગરમીએ કાળોકેર વર્તાવ્યો છે ત્યારે મે મહિનાના અંતમાં પશ્ર્ચિમી હિંદ મહાસાગરમાં ચોમાસાના પવનોનો પ્રવાહ સક્રિય થાય એવો સંકેત હવામાન નિષ્ણાતોએ આપ્યો છે.

સ્કાયમેટ નામની ખાનગી સંસ્થાએ કેરળમાં ચોમાસાના આગમન વિશે શનિવારે અંદાજો જાહેર કર્યો હતો. તેમના અંદાજા મુજબ ૨૮ મેના રોજ કેરળમાં ચોમાસાનું આગમન અપેક્ષિત હોઈ એકાદ-બે દિવસ આગળ પાછળ થઈ શકે છે. ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઑફ ટ્રૉપિકલ

● અનુસંધાન પાન-૭ પર

# પીએમની ભાષા ભયભીત કરે છે : મનમોહનસિંહ

## મોદીની સામે મનમોહનસિંહે રાષ્ટ્રપતિ કોવિંદને પત્ર લખ્યો મોદીને ધાકધમકી આપનાર ભાષાનો ઉપયોગ કરવાથી રોકવા અપીલ કરાઈ : પત્ર પર તમામ વરિષ્ઠના હસ્તાક્ષર

નવીદિલ્હી,તા. ૧૪

પૂર્વ વડાપ્રધાન મનમોહસિંહ અને કોંગ્રેસના અન્ય કેટલાક વરિષ્ઠ નેતાઓએ વડાપ્રધાન મોદીની સામે નારાજગી વ્યક્ત કરીને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને પત્ર લખ્યો છે. પત્રમાં રાષ્ટ્રપતિ સમક્ષ અપીલ કરીને કહેવામાં આવ્યું છે કે, તેઓ વડાપ્રધાનને કોંગ્રેસ નેતાઓ અને અન્ય પાર્ટીના નેતાઓની સામે ધાકધમકી આપવાવાળી ભાષાથી રોકવા માટે પ્રયાસ કરે. મનમોહનસિંહ અને અન્ય નેતાઓએ આક્ષેપ કરતા કહ્યું છે કે, મોદીનું વર્તન પીએમની મર્યાદા મુજબ દેખાઈ રહ્યું નથી. કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સૂરજેવાલાએ આ સંદર્ભમાં માહિતી આપી છે. કર્ણાટકના હુબલીમાં ચૂંટણી પ્રચાર કરતી વેળા મોદીએ ભાષણ આપતા કહ્યું હતું કે, કોંગ્રેસના નેતાઓને એક વાત સમજી લેવાની જરૂર છે કે જો મર્યાદાને પાર કરશે તો આ મોદી છે. લેવાના દેવા પડી જશે. કોંગ્રેસે આ ભાષણનો ઉલ્લેખ કરીને તેને વાંધાજનક ગણાવ્યું છે અને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને પત્ર લખીને આ સંદર્ભમાં જાણ કરી છે. કોંગ્રેસે પોતાના પત્રમાં આ ભાષણના યુટ્યુબલિંકનો પણ ઉલ્લેખ કર્યો છે.



પત્રમાં પીએમ પદ માટે લેવામાં આવતા શપથનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને કહેવામાં આવ્યું છે કે, હજુ સુધી કોઈપણ વડાપ્રધાને પોતાના હોદ્દાની મર્યાદાને પાળીને આ પ્રકારના નિવેદન કર્યા નથી. તમામ વડાપ્રધાનો મર્યાદામાં રહ્યા છે અને આક્ષેપબાજીમાં પડ્યા નથી.

ભારત જેવા લોકશાહી દેશમાં વડાપ્રધાનના હોદ્દા પર રહીને કોઈ વ્યક્તિ આ પ્રકારની ભયભીત કરવાવાળી ભાષાનો ઉપયોગ કઈરીતે કરી શકે છે. મોદીની સામે રાષ્ટ્રપતિને લખવામાં આવેલા પત્રમાં મનમોહનસિંહ ઉપરાંત કોંગ્રેસના અનેક નેતાઓએ પોતાના હસ્તાક્ષર કર્યા છે જેમાં ચિદમ્બરમ, અશોક ગેહલોત, દિગ્વિજયસિંહ, મુકુલ વાસનીક, કમલનાથ, મોતીલાલ વોરા, અંબિકા સોની, અહેમદ પટેલ, આનંદ શર્મા અને એકે એન્ટોનીનો સમાવેશ થાય છે.

# સુનંદા પુષ્કર કેસમાં ચાર્જશીટ દાખલ : શશી થરૂર પર આરોપ

## સુનંદાને આત્મહત્યા કરવા ઉશ્કેરવાનો શશી થરુર પર આરોપ : પટિયાલા હાઉસ કોર્ટમાં કલમ ૩૦૬ અને ૪૯૮એ હેઠળ ચાર્જશીટ દાખલ કરાઈ : વ્યાપક લડાઈ ઝગડા, ક્રૂરતાના લીધે સુનંદાએ આત્મહત્યા કરી હતી

નવીદિલ્હી, તા. ૧૪

સમગ્ર દેશને હચમચાવી મુકનાર સુનંદા પુષ્કર મોતના મામલામાં દિલ્હી પોલીસે આજે ચાર્જશીટ દાખલ કરી હતી. કોંગ્રેસના નેતા શશી થરુરના પત્નિ સુનંદા પુષ્કર લીલા હોટલના રૂમ નંબર ૩૪૫માં ચાર વર્ષ અગાઉ મૃત હાલતમાં મળી આવ્યા હતા. દિલ્હી પોલીસે ચાર્જશીટ દાખલ કરી દીધી છે અને આ કેસમાં આરોપી તરીકે તેમના પતિ અને કોંગ્રેસના સાંસદ શશી થરુરનું નામ રાખતા કોંગ્રેસની અને શશી થરુરની ચિંતામાં વધારો થયો છે. મેટ્રો પોલિટન મેજિસ્ટ્રેટ ધર્મેન્દ્રસિંહ સમક્ષ આ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. પટિયાલા હાઉસ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યા બાદ કોંગ્રેસના નેતા ઉપર આક્ષેપબાજીનો દોર શરૂ થઈ ગયો છે. પોલીસે કહ્યું છે કે, આ કેસ આત્મહત્યાનો છે. મર્ડરનો કેસ નથી. આઈપીસીની કલમ ૩૦૨ હેઠળ આ કેસ દાખલ કરવામાં આવ્યો છે. દિલ્હી પોલીસે જે ચાર્જશીટ દાખલ કરી છે તેમાં જુદી જુદી કલમો રાખવામાં આવી છે જેમાં કલમ ૩૦૬ અને ૪૯૮એનો સમાવેશ થાય છે. દિલ્હી પોલીસે કલમ ૩૦૬ હેઠળ શશી થરુર પર થરુર સાથે સારા સંબંધ ન હોવાના લીધે સુનંદા પુષ્કરને આત્મહત્યા તરફ દોરી જવાની ફરજ પડી હતી.



સુનંદાને આત્મહત્યા માટે ઉશ્કેરવાનો આક્ષેપ કર્યો છે. આ ઉપરાંત સ્થાનિક હિંસા અથવા તો પત્નિની સાથે ક્રૂરતાની કલમ ૪૯૮એનો પણ ચાર્જશીટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ટીવી રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, સ્થાનિક લડાઈ ઝગડા અને શશી આ સનસનાટીપૂર્ણ મામલામાં વધુ સુનાવણી ૨૪મી મેના દિવસે હાથ ધરવામાં આવનાર છે. ૧૭મી જાન્યુઆરી ૨૦૧૪ના દિવસે ચાણક્યપુરી સ્થિત ફાઈવ સ્ટાર હોટલ લીલા પેલેસના સુઈટ નંબર ૩૪૫માં શકમંદ સ્થિતિમાં

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

વિદ્યાર્થીમિત્રો... ધોરણ ૧૨ માં ઓછુ પરિણામ આવ્યું તો શું થઈ ગયું ?
આપને સહેજ પણ નિરાશ થવાની જરૂર નથી.
AUSTRALIA માં સ્થાયી થઈ કારકીંદી બનાવો
ગ્લોબલાઇઝેશન ના જમાના માં એવા અઢળક વિકલ્પો છે કે જેમાં તમે તમારું DREAM CAREER બનાવી શકો છો. AUPP PATHWAY PROGRAM જે AUSTRALIA/ NZ માં અભ્યાસ કરવા માટે નો એકમાત્ર વિકલ્પ છે કે જેમાં AUSTRALIAN or NZ INSTITUTION માં BACHELORS COURSE માટે 10% RESULT માં છૂટછાટ આપવાનું નક્કી કરેલ છે. AUPP PATHWAY સ્કોલર વિદ્યાર્થીઓ માટે તો છેજ પણ સાથે સાથે 50% થી 55% વાળા વિદ્યાર્થીઓ પણ AUPP PROGRAM અંતર્ગત લાયકાત ધરાવે છે. તો વાલીઓ ને વિદ્યાર્થીમિત્રો એ AUPP માટે ની સંપૂર્ણ માહિતી માટે એકવાર જરૂર સંપર્ક કરવો.
9723 373737, 7878335367

મિનાક્ષી જ્વેલર્સની Rs.1000/- ની દસ માસે ભરીને વસાવો સોનાના 916 હોલમાર્ક દાગીના
➡ મિનાક્ષી જ્વેલર્સ ઘ-5 ની ઓફર
➡ દસ માસે ફક્ત Rs.1000/- ની બચત કરો અને વસાવો સોનાના હોલમાર્ક દાગીના
➡ જુના અને જાણીતા 28 વર્ષથી ગાંધીનગરની શાન મિનાક્ષી જ્વેલર્સ



વધુ માહિતી માટે ફક્ત Misscall - 94263 85263
સરનામુ :- સુરભી કોમ્પલેક્ષ, ઘ-૫ સર્કલ નજીક, સે.૨૨, ગાંધીનગર, સમયઃ- 10 am to 8.00 pm
દર રવિવાર રજા, સોમવારે ચાલુ

